**C.C.No.** 1030/2020.

सत्यमेव जयते

| GJRJ050003562020 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૨૩/૧૦/૨૦૨૦. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૨૩/૧૦/૨૦૨૦. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૦૭/૦૮/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૫ ૯ ૯ |

**જેતપુરના મહેરબાન જયુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

ક્રિમિનલ કેસ નં.૧૦૩૦/૨૦૨૦.
જે.સી.ગુ.ર.નં.૫૭૧૭/૨૦૧૯.
આંકઃ–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** (૧) અજય કનુભાઈ સોલંકી ઉ.વ.૩૪,
રહે.જુનાગઢ આંબેડકરનગર બીલખા રોડ
(૨) સુરજ દેવરાજભાઈ ઝાલા ઉ.વ.૪૨
રહે.કામદાર સોસાયટી, દાતાર રોડ જુનાગઢ
(૩) સરમણ જેશાભાઈ કોડીયાતર ઉ.વ.૩૨
રહે.પંચેશ્વર, જુનાગઢ.

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.કે.વસાવા
આરોપી તરફે સી.આર.પી.સી.૨૯૯ હુકમ

=============================================

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબ.

=============================================

## // ચુ કા દો //

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/૧૦/૨૦૧૯ના કલાકઃ૧૫.૦૦ વાગ્યે આરોપી નં.૧, ૨ નાએ પોતાના હવાલાવાળી સ્કોડા કાર જી.જે.૦૧.એચ. એફ.૩૩૮૮ કિ.રૂ.૧૫૦૦૦૦/–વાળીમાં દેશી દારુ લી.૭૫૦ કિ.રૂ.૧૫૦૦૦/–નો મુદ્દામાલ આરોપી નં.૩ પાસેથી લાવી કુલ રૂ.૧૬૫૦૦૦/–નો મુદ્દામાલ સાથે મળી આવતા નં.૩ હાજર નહી મળી આવતાં , પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની ફરિયાદ રજિસ્ટર કરી હાલની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ થયેલ છે.

**(૨)** ફરિયાદીની ફરિયાદને આધારે તપાસ પુરી થયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરેલ છે. ચાર્જશીટને આધારે આરોપીને આ કામે વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં આરોપી હાજર રહેતા ન હોય, આથી ઉપરોક્ત તમામ સંજોગોને લક્ષ્યમાં લઈ આંક–૦૧ નીચે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ અને આરોપીઓ સામે ગુનાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ મુકેશભાઈ મથુરદાસ ઘાણકની જુબાની. | ૨૨ |
| ૨ | પંચનામું. | ૨૩ |
| ૩ | પંચ સાહેદ નાગજી દેવાભાઈ બાપોદરાની જુબાની. | ૨૪ |
| ૪ | ફરીયાદ | ૨૫ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પૂરો થયેલાનું જાહેર કરતા ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો પડતો ન હોય તેમજ આરોપી તર્ફે સી.આર.પી.સી.૨૯૯ મુજબ હુકમ થયેલ હોય જેથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીઓપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમરક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૧૦/૨૦૧૯ના કલાકઃ૧૫.૦૦ વાગ્યે આરોપી નં.૧, ૨ નાએ પોતાના હવાલાવાળી સ્કોડા કાર જી.જે.૦૧.એચ. એફ.૩૩૮૮ કિ.રૂ.૧૫૦૦૦૦/- વાળીમાં દેશી દારુ લી.૭૫૦ કિ.રૂ.૧૫૦૦૦/-નો

મુદ્દામાલ આરોપી નં.૩ પાસેથી લાવી કુલ રૂ.૧૬૫૦૦૦/–નો મુદ્દામાલ સાથે મળી આવતા નં.૩ હાજર નહી મળી આવતાં, આરોપીઓએ ધી પ્રોહિબિશન એકટની કલમ– ૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## <u>//નિર્ણય માટેનાં કારણો//</u>

(૦૮) સદરહુ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં, આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૨૨થી પંચ સાહેદ મુકેશભાઈ મથુરદાસ ધાણકને તથા આંક–૨૪થી સદરહુ પંચનામાના બીજા પંચ સાહેદ નાગજી દેવાભાઈ બાપોદરાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. ઉપરોક્ત બંને પંચ સાહોદોએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, <u>પોલીસે તેઓને બોલાવી તૈયાર કાગળમાં સહી કરાવેલી. સહિ કરવા સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી.</u> તેઓને એક પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે, તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. જેને પુરાવામાં રજૂ દાખલ આંક–૨૩ આપવામાં આવેલ. આમ, સદરહુ બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા ન હોઈ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને

હોસ્ટાઇલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો, આ કામના મહત્ત્વના ગણી શકાય તેવા સ્વતંત્ર સાહેદ તરીકે પંચ સાહેદો અને જેઓએ હાલના આરોપી પાસેથી આક્ષેપિત મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. **<u>સ્ટેટ ઑફ ગુજરાત વિ. સુરેશભાઇ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)</u>**માં પ્રસિદ્ધ થયેલ છે જે ધ્યાને લેવામાં આવે તો જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જ્યારે પંચસાહેદ ફરિયાદપક્ષે ફરી ગયેલા પંચસાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિ. નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદા "AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C.52570"માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જ્યારે કેસમાં અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને પંચસાહેદ હોસ્ટાઇલ થયેલા હોઇ, ત્યારે માત્ર પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં ચાર્જશીટ જોતા હાલના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ જણાઇ આવતુ નથી. તેમજ ચાર્જશીટ જોતાં પણ આ કામના ફરિયાદીએ પોલીસ સાહેદ છે અને જેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપે

તે સ્વાભાવિક છે. પરંતુ જયારે સ્વતંત્ર ગણી શકાય તેવા સાહેદોએ કેસની હકીકતોને કોઇ જ સમર્થન આપેલ ન હોઇ માત્ર પોલીસ સાહેદોનો આધાર લઈ હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા એ સલામતી ભર્યુ ગણી શકાય તેમ નથી. આ કામે ફરીયાદી એ આરોપીના કબજામાંથી મુદ્દામાલ કબજે કર્યાની હકીકત પોતાના ફરીયાદમાં જણાવેલ છે. પરંતુ તેને પંચસાહેદોએ સમર્થન કરેલ નથી. આમ, સદરહું કામોનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૦) આમ, સદરહું કામનો મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે તથા સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી અને સ્વતંત્ર અને સમર્થનકારક પુરાવાના અભાવે હાલના આરોપીને સદર ગુનાના કામે સંડોવી શકાય તેવું જણાઇ આવતું નથી. આમ, આ કામના પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડતાં, મુદ્દા નં.૧ "નકારમાં" નિર્ણીત કરી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**//આખરી હુકમ//**

- આ કામના આરોપીઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૯ અન્વયે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ-૬૫(ઇ), ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે બીન-તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબ્જે થયેલ મુદ્દામાલ વાહન અંગે જો અગાઉ વચગાળાના તબકકે હુકમ થયેલ હોય તો અપિલ સમય વિત્યે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહનની માલીકી અંગે ખરાઈ કરી તેના મુળ માલીકને પરત સોપવું. તે સિવાયના મુદ્દામાલ દેશી દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ફોજદારી કાર્યરીતી સંહિતા-૧૯૭૩ ની કલમ ૨૯૯ સાથે વાંચતા કલમ-૩૫૩(૬) મુજબ આરોપીઓ ની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૭, માહેઃઓગષ્ટ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૦૭/૦૮/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

જેતપુર.

UIC-GJ01563.

Typed by:- k.m.vaja,
Gujarati Stenographer